# હોસ્ટેલ નિયમો

## પ્રવેશ:

(૧) આ સંસ્થા ખાતે નિયમિત રીતે નોંધાયેલ વિદ્યાર્થીઓ જ તેને સંલગ્ન હોસ્ટેલ માં પ્રવેશપાત્ર ગણાશે.

(૨) વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ તથા અભ્યાસ વર્ષ મુજબ સપ્રમાણ રીતે તેમને જગ્યાઓ ફાળવવામાં આવશે. આ ફાળવણીમાં ફેરફાર સંસ્થાના આચાર્યશ્રી જરૂર પ્રમાણે કરી શકશે.

(૩) કોઈ પણ વિદ્યાર્થી કે જે પૂર્ણ કે પાર્ટ ટાઇમ નોકરી કોઈ પણ પદ પર બજાવતો હશે તે પ્રવેશ માટે ગેરલાયક ઠરશે.

(૪) સામાન્ય રીતે રિપીટર્સ કે ડીટેઇન વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર ગણાશે નહીં.

(૫) કોઈ પણ વિદ્યાર્થી કે જેના માતા-પિતા કે વાલી શહેરની સીમાઓ કે શહેરથી ૩૦ કિમી ની ત્રિજ્યામાં રહે છે, તેઓ પ્રવેશ ને પાત્ર ગણાશે નહીં. આમ છતાં, ઇચ્છિત વિદ્યાર્થીઓના પ્રવેશ બાદ જો જગ્યાઓ ખાલી રહે, તો ઉપર દર્શાવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

(૬) બદલી થઇ ને આવેલ સરકારી અધિકારીઓ કે કર્મચારીઓ ના સંતાનો ને અગ્રીમતા આપવામાં આવશે.

(૭) હોસ્ટેલ ખાતે પ્રવેશ મેળવનારે બધી જ હોસ્ટેલ ફીની રસીદો સાચવવાની રહેશે, અન્યથા હોસ્ટેલ બોનાફાઇડ પ્રમાણપત્ર આપવામાં આવશે નહીં.

**શિસ્ત:** (૧) રૂમની ફાળવણીના તમામ અધિકારો હોસ્ટેલ અધિકારીઓને આધીન રહેશે તથા વિદ્યાર્થીઓ ને આ બાબતમાં કોઈ ઇચ્છિત રૂમ કે બ્લોકની માંગણી કરવાનો હક રહેશે નહીં.

(૨) વિદ્યાર્થીઓ એ તેમને ફાળવેલ રૂમ અને સીટ તાત્કાલિક સ્વીકારવાના રહેશે અને આમાં કોઈ પણ સંજોગોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીની પરવાનગી વગર કરી શકાશે નહીં.

(૩) રૂમ સ્વીકાર્યા બાદ વિદ્યાર્થી એ તેમાં રહેલ ફર્નીચર તથા ફિક્સ્ચર્સની યાદી પર સહી કરવાની રહેશે તથા તેમાં કોઈ તૂટફૂટ અથવા ખૂટતું હોય તો તાત્કાલિક હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીને જાણ કરવાની રહેશે.

(૪) વિદ્યાર્થીઓએ તેઓના રૂમ સ્વચ્છ રાખવાના રહેશે તથા હોસ્ટેલ કેમ્પસમાં એકંદરે સ્વચ્છતા જળવાઈ રહે તેનું ધ્યાન રાખવાનું રહેશે.

(૫) ફર્નીચર તથા ફિક્સ્ચર્જની હેરફેર કે ફેરબદલી કોઈ પણ સંજોગોમાં કરી શકાશે નહીં.

(૬) હોસ્ટેલના બિલ્ડીંગ કે કોઇ પણ મિલકત ને થતા નુકસાન માટે વિદ્યાર્થીઓ જવાબદાર રહેશે અને સંસ્થાના વડા દ્વારા નક્કી થયેલ ભરપાઈ તેમણે કરવાની રહેશે.

(૭) હીટર કે કોઈ પણ વિદ્યુત ઉપકરણનો ઉપયોગ પ્રતિબંધિત છે તથા વિદ્યાર્થીઓ એ ખુબ જ કાળજી પૂર્વક વિદ્યુત વપરાશ કરવાનો રહેશે, અને તેનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવી.

(૮) બધા વિદ્યાર્થીઓ એ દરરોજ રાત્રીના ૧૦ વાગ્યા સુધી માં હોસ્ટેલ ખાતે હાજર થઇ જવાનું રહેશે.

(૯) રાત્રીના ૧૦ વાગ્યા બાદ હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીની પૂર્વ મંજુરી વગર કોઇ પણ વિદ્યાર્થી ગેર હાજર રહી શકશે નહીં.

(૧૦) વિદ્યાર્થીઓ એ હોસ્ટેલની શાંતિ જળવાઇ રહે તથા અન્ય વિદ્યાર્થીઓ ની શાંતિમાં ખલેલ ન પહોંચે તેની તકેદારી રાખવાની રહેશે.

(૧૧) હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીની પરવાનગી વિના કોઈ પણ મહેમાન હોસ્ટેલમાં રોકાણ કરી શકશે નહીં તથા રાત્રીના ૯ વાગ્યા બાદ હોસ્ટેલ પટાંગણમાં રહી શકશે નહીં.

(૧૨) જો કોઇ વિદ્યાર્થી બીમાર હોઇ તો તેણે અથવા તેના રૂમ પાર્ટનરસે તાત્કાલિક તેની જાણ હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારી ને કરવાની રહેશે.

(૧૩) હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીની પૂર્વ મંજુરી વિના કોઈ પણ વિદ્યાર્થી એ હોસ્ટેલ ખાતે ગેરહાજર રહેવું નહીં.

(૧૪) કોઈ પણ વિદ્યાર્થીને વેકેશન દરમ્યાન અથવા સત્ર સિવાય ના સમયગાળા માં હોસ્ટેલમાં રહેવાની પરવાનગી નહીં મળે.

(૧૫) વેકેશનમાં જતા પહેલા અથવા હોસ્ટેલ છોડતા પહેલા વિદ્યાર્થીઓ એ તેમને ફાળવેલ ફર્નીચર તથા ફિક્સ્ચર્જની હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીને સોંપણી કરવાની રહેશે.

(૧૬) બધા વિદ્યાર્થીઓ એ હોસ્ટેલ ના રેક્ટર દ્વારા તેમને અપાયેલ આઇ-કાર્ડ સાથે રાખવાના રહેશે.

(૧૭) સંસ્થાના વડા, હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારી અથવા આચાર્ય દ્વારા અધિકૃત કોઈ પણ અધિકારી કે ઇન્ચાર્જ અધિકારી કોઈ પણ સમયે કોઇ પણ રૂમનું નીરીક્ષણ કરી શકશે.

(૧૮) વિદ્યાર્થીનીઓ કે મહિલાઓ હોસ્ટેલમાં પ્રવેશી શકશે નહીં.

(૧૯) વાહન રાખવા ઇચ્છુક વિદ્યાર્થી એ પોતાના વાહન ની નોંધણી હોસ્ટેલ કાર્યાલય ખાતે કરાવવાની રહેશે.

(૨૦) જો કોઈ વિદ્યાર્થી સમગ્ર સત્ર દરમિયાન પૂર્વમંજુરી વિના ત્રણ કે તેથી વધારે દિવસ હોસ્ટેલ ખાતે ગેરહાજર રહેશે તો તેનો હોસ્ટેલ પ્રવેશ રદ થશે.

(૨૧) હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓએ સવારે તથા સાંજે હોસ્ટેલ મેસ ખાતે રાખેલ મસ્ટરમાં હાજરી પુરવાની રહેશે, અને હાજરીને કારણે જો હોસ્ટેલ પ્રવેશ રદ થશે તો વિદ્યાર્થીના માતાપિતા/વાલી નો કોઇપણ પ્રકારનો વિરોધ ધ્યાને લેવામાં આવશે નહીં.

**સામાન્ય:** (૧) વિદ્યાર્થીઓ એ કીમતી સામાન હોસ્ટેલ માં રાખવો નહીં, તેઓને બેંકમાં બચત ખાતું ખોલાવવા માટે પણ સલાહ આપવામાં આવે છે. હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ ના અંગત સામાન ખોવાવા પર હોસ્ટેલ અધિકારીઓ જવાબદાર રહેશે નહીં.

(૨) વખતોવખત હોસ્ટેલ ના ઇન્ચાર્જ અધિકારીઓ દ્વારા અપાતી સૂચનાઓ નું પાલન કરવાનું રહેશે.

(૩) જો કોઇ પણ વિદ્યાર્થી ગેરશિસ્ત આચરે અથવા હોસ્ટેલના વાતાવરણ ને હાની થાય તે રીતે વર્તે અથવા કોઇ પણ નિયમ નું ઉલ્લંઘન કરે અથવા અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન ન કરે તો તેને દંડ, બરતરફી અથવા હોસ્ટેલ અને કોલેજમાંથી નામ કમી કરવા જેવી સજા થઇ શકે.

(૪) ઉપરના નિયમો ને વળગી ન રહેતા સંસ્થાના વડા કોઇ પણ નિયમ માં જરૂર મુજબ ફેરફાર કરી શકશે.